

જે હૃદય પોતાની ચેતનાને વસ્તુ સાથે એકાકાર કરી શકે છે, પ્રાપ્તિની વસ્તુમાં નિષ્ઠાભરી તન્મયતા કેળવી શકે છે, તે આ વિશ્વમાં એવું શું છે જે મેળવી ન શકે ?

– ચિત્રભાનુ

# દિવ્યદીપ

## ધર્મ કલા

મારા વ્યાયામના શિક્ષક જીવંત તત્ત્વજ્ઞાન હતા. એ શરીર કરતાં મન પર, અને મન કરતાં આત્મા પર વધારે ધ્યાન આપતા.

હું મારા મિત્રો સાથે તળાવે નાહવા ગયેલો. ગમ્મતમાં એક મિત્રે ધક્કો માર્યો અને હું જઈ પડ્યો પાણીમાં. મોં, નાકમાં પાણી ભરાઈ ગયાં. પાણીથી છળી ગયો. શિક્ષકને આ વાતની ખબર પડી. એમણે મારામાં ફરી વિશ્વાસ સર્જ્યો અને પોતે જ મને તરતાં શિખવાડ્યું. એક દિવસ અમે બન્ને પાણીની સપાટી પર હવામાં પંખી તરે એમ તરી રહ્યા હતા. એમણે એમનું તત્ત્વજ્ઞાન બોલ્યું. "જોયું ? જેમાં તું ડૂબી ગયો હતો એના પર તરી રહ્યો છે. પ્રેમ અને સ્નેહ પણ પાણી જેવાં છે. એની વિરાટ સપાટી પર તરો તો મઝા કરો અને ડૂબો તો મૂંઝાઈને મરો."

વિશ્વમાં રહેવા છતાં એના પર કેમ તરવું એ કલા જ તો ધર્મ છે. આ કલાધર્મ હોય તો સંસારી પણ પાર ઉતરી જાય અને ન હોય તો સન્યાસી પણ મૂંઝાઈને ડૂબી મરે.

– ચિત્રભાનુ

વર્ષ : ૭
અંક : ૧૦
એપ્રિલ

# ❋ લૂંટ ને લૂંટાવ ❋

પ્રભુ કયાં છે ? પ્રભુ શું છે ?....આવા પ્રશ્નો તન અને મનના કાને અનેક વાર અથડાયા. પ્રભુ મંદિરમાં છે, તીર્થસ્થાનોમાં છે, પર્વતોની ગોદમાં છે. કહેનારા અનેક હતા, સલાહકારો ઘણા હતા. એ પોતાના વિચારોમાં મક્કમ પણ હતા. થયું કે જે કહે છે તેને દર્શન થયું લાગે છે, લાવ, હું પણ એ માર્ગે નીકળી પડું.

મંદિરમાં જવા માટે મન પ્રેરાયું, પૂ. ગુરુદેવ ચિત્રભાનુશ્રીના સમાગમમાં જ્ઞાનનો પ્રકાશ મળતાં મનમાં શાંતિ થઈ અને શાંતિને કારણે આરસની મૂર્તિમાં પણ દર્શન થયું. પ્રભુની આંખોમાં નિઃસ્વાર્થ, નિર્મળ પ્રેમનું દર્શન થયું અને સમજાયું કે પ્રેમ એ જ પ્રભુનું બીજું નામ છે.

દર્શન થયું, મૂર્તિ વહાલી લાગી, પ્રભુને પ્રેમ થઈ ગયો. પણ મંદિરમાં, પ્રભુ પાસે સતત રહેવાય કેમ ? જિંદગી મંદિરમાં નહિ, મંદિરની બહાર વિતાવવાની છે. ત્યાં પ્રભુની જ વાણી ગુંજી: દર્શન મંદિરની ચાર દીવાલોમાં જ નહિ પણ ક્ષિતિજ સુધી આંખ પહોંચે એવા વિશાળ વિશ્વમાં કરવાનું છે, જીવ માત્રને મૈત્રીની આંખથી જોવાનો છે . પ્રભુની સમક્ષ રહેવા કરતાં પ્રભુને જીવન સમક્ષ રાખે તો કેવું ?

ત્યાં મંદિરની બહાર પગ મૂકયો. કેવો વિરોધાભાસ ! અંદર સ્વચ્છતા હતી, વ્યવસ્થા હતી, શાંતિ હતી ત્યારે બહાર ન સ્વચ્છતા, ન વ્યવસ્થા, ન શાંતિ. માત્ર ઘોંઘાટ, દોડાદોડ અને સ્વાર્થવૃત્તિનું જ ચિત્ર જોયું. પાછું મન મંદિરમાં ભરાવવા દોડયું. પણ ના, મારા પ્રશ્નનો ઉત્તર મંદિરમાં બેઠેલા પ્રભુએ જ તો આપ્યો હતો.

હોળીનો તહેવાર નજીક આવી રહ્યો હતો, ઋતુ બદલાઈ રહી હતી, શિયાળાની ઠંડી ગુલાબી લહરીઓ ઓછી થતાં ગરમ પવન વા'ઇ રહ્યો હતો. એવી એક બપોરે સખત ગરમી લાગતાં જીવ મૂંઝાયો, દોડીને પાણીનું પાન કર્યું અને થયું હાશ !

'હાશ !' શબ્દ નીકળ્યો ન નીકળ્યો ત્યાં કાને કર્કશ અવાજ પડયો. 'કા, કા.' જોયું તો બારી ઉપર કાળો કાગડો. થયું કે એને ઉડાડી દઉં, મારી શાંતિમાં વિક્ષેપ કરે છે. ન એનામાં રંગ છે, ન સ્વરમાં માધુર્ય.

ત્યાં કો'ક કાનમાં બોલ્યું : 'શું તારી જેમ એનો જીવ પાણી વિના મૂંઝાતો નહિ હોય ? શું એનું ય ગળું સૂકાતું નહિ હોય ? શું એનામાં તારા જેવો આત્મા વસેલો નથી ?'

સ્વચ્છ નિર્મળ પાણી ભરીને ટમ્બલર બારી આગળ મૂકયું અને થોડે દૂર લપાઇને બેઠી. થોડીવાર થઈ અને એ આવ્યો. ન અવાજ કર્યો, ન ફફડાટ. ધીમે રહીને, ગભરાતા ગભરાતા ચાંચ નાખી અને પાણી પીધું.

પાણી એણે પીધું અને જાણે તરસ મારી છીપાઈ.

પ્રભુ તું કયાં છે એ સમજાઈ ગયું. તું મંદિરમાં જ નથી પણ તું બધે જ છે. જ્યાં જીવ છે ત્યાં તું છે. તારાં દર્શન કર્યાની પ્રતીતિ સૌ પ્રત્યે કરુણાપૂર્ણ પ્રેમની અભિવ્યકિત નહિ તો શું છે ?

સ્વાર્થ વિના, મનમાં ભેદભાવ રાખ્યા વિના જીવ માત્ર માટે પ્રેમ વહાવવો એ જ પ્રભુનું સાચું દર્શન છે. નિર્મળ પ્રેમની સરિતાનો સંગમ એ જ આત્મા અને પરમાત્માનું મિલન નથી ?

પક્ષીઓમાં જીવ છે તો બિચારા માનવોનું શું ? રાજસ્થાન અને કચ્છ જેવા રેતાળ પ્રદેશમાં જ્યાં આમે ય પાણીની અછત રહે છે ત્યાં ઉનાળો બેસશે અને વીરડીઓ સૂકાશે, જમીનમાં તડો પડશે અને કેટલાય ભાઇબહેનનાં ગળે શોષ પડશે. તેનું શું ?

# ❋ પ્રકાશના સાન્નિધ્યમાં ❋

(વરલી પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પૂ. ગુરુદેવ ચિત્રભાનુ મહારાજશ્રી વરલી પધાર્યા અને વરલીના ભાઈઓને પૂ .શ્રીના પ્રવચનનો લાભ મળે એવી ભાવનાથી રોનક ઇન્ડસ્ટ્રીઝ તરફથી રવિવાર તા. ૩૧-૧ ૭૧ વરલી ડેરીમાં ગોઠવાયેલ પ્રવચનની નોંધ)

સવારનો સમય હતો, એક કિશોર પોતાના પડછાયાને પકડવા દોડી રહ્યો હતો. પડછાયો આગળ અને એ પડછાયાની પાછળ. એ દોડી દોડીને થાકી ગયો પણ પોતાના પડછાયાને પકડી ન શકયો. જેટલી એ ઝડપ વધારતો ગયો એટલી જ ઝડપ પેલો પડછાયો પણ વધારતો ગયો. એને ખ્યાલ ન આવ્યો કે આ પડછાયો બીજા કોઈનો નહિ પણ મારો પોતાનો જ છે.

આ દોડતા બાળકને ચિન્તકે કહ્યું: "ઊભો રહે, તું શું કરવા દોડે છે?" થાકેલા બાળકે કહ્યું: "પડછાયાને પકડવા." "પડછાયાને જ તારે પકડવો હોય તો તારે એની પાછળ દોડવાની જરૂર નથી પણ પડછાયાને તારી પાછળ દોડતો કર. તારું મોઢું ફેરવી નાખ. તારું મોઢું સૂર્ય તરફ કર, પછી તું ચાલવા માંડ. જો પડછાયો તારી પાછળ પાછળ ચાલવા માંડે છે કે નહિ? હા, તારે પડછાયાને કયાંથી પકડવો છે?" "એને મારે માથાથી પકડવો છે." "તો તું તારા માથાને પકડ એટલે એનું માથું તારા હાથમાં આવી જશે."

જરા મોઢું જ ફેરવવાનું હતું. માત્ર જરાક દિશા જ બદલવાની હતી. એ પશ્ચિમ તરફ દોડી રહ્યો હતો, એને બદલે મોઢું પૂર્વ તરફ કરવાનું હતું. બાળકે જરાક મોઢું ફેરવ્યું અને જોયું તો હવે એ જેમ જેમ ચાલતો ગયો તેમ તેમ એનો પડછાયો એની પાછળ આવતો ગયો. બાળક ખુશ ખુશ થઇ ગયો.

રામતીર્થે આ વાર્તા લખીને કહ્યું કે જે બાળક દોડતો હતો, દોડી દોડીને થાકી ગયો હતો એ બાળક બીજો કોઇ નહિ પણ આપણે જ બધા છીએ.

કેટલાં વર્ષોથી દોડતા આવ્યા છીએ? કોઇ કહે: ભગવાનને મળી લઇએ, કોઇ કહે: તીર્થોની જાત્રા કરી લઇએ, કોઇ કહે: સત્સંગ મંડળો ઊભાં કરીએ, કોઇ કહે: ઓચ્છવ કરીએ, કોઇ કહે: સપ્તાહ બેસાડીએ. આ ધમાલ જોઇને કદી વિચાર આવ્યો છે કે આપણે બધાં કયાં જઇ રહ્યા છીએ?

તમે આત્માને શોધવા જાઓ છો, પરમાત્માને ઢુંઢવા જાઓ છો, એ શોધમાં આપણે કયાં નથી ગયા? એવું કયું સ્થાન બાકી રહેવા દીધું છે જ્યાં આપણે ભગવાનને શોધવા ન ગયા હોઇએ?

કાશી જાઓ, હરદ્વાર જાઓ, કે હિમાલય જાઓ. પર્યટણ કરીને પાછા આવો. કોઈ પૂછે: "શું કરી આવ્યા?" શું કહો? "ભગવાનનાં દર્શન કરીને આવ્યા." દર્શન કર્યા તો પાછા કેમ આવ્યા? જેને ભગવાન મળે તે આ ધમાલમાં પાછો શું કરવા આવે? શું કરવા ગયા હતા? ભગવાનને મળવાને? મળ્યા પછી છૂટા પડવું કેમ ગમે?

તમે ફ્લેટ લેવા જાઓ, મનગમતો ફ્લેટ

---

એવા સમયે દૂરદૂરથી તાપમાં રઝળતા પથિકને કયાંક ઠંડા પાણીની પરબ મળે, પ્રેમથી કો'ક માતા પાણીનો પવાલો ધરે, એ પીએ અને અંતરથી 'હાશ'નો ઉદ્ગાર નીકળે-શું એ પ્રભુ દર્શન નથી?

મંદિરનો પ્રભુ એ તો પ્રેરણાની મૂર્તિ છે, પ્રેમનો અખૂટ ખજાનો છે. પ્રેમનો ખજાનો અંદરથી લૂંટ્યા પછી બહાર લુંટાવવાનો છે.

–ભાવિક આત્મા

મળી જાય, સોદો કરો અને સામાન ઉપાડીને ત્યાં રહેવા ચાલ્યા જાઓ ને ? ફ્લેટ લીધા પછી એવું તો નથી કરતા ને કે ફ્લેટ વાલકેશ્વરમાં લીધો છતાં તમે રહેતા હો ભૂલેશ્વરમાં જ ?

જે ઠેકાણે કહેવામાં આવ્યા છે એ ઠેકાણે ભગવાન હોય તો હું આપને પૂછું છું કે તમે ત્યાંથી પાછા શું કરવા આવો છો ? ભગવાનને મળવા જાઓ છો તો ભગવાનને મળ્યા પછી પાછું અહીં આવવાનું મન કેમ થાય છે ? તમે એવું તો નથી કહેતા ને કે ભગવાન કયાં રહે છે તે જોઇ આવ્યા, હવે ભગવાન ભલે ત્યાં રહેતા, અમે અહીં જ ભલા છીએ.

તમે પાછા આવ્યા છો એ બતાવી આપે છે કે તમે જે પામવા ગયા તે પામ્યા નથી, કાંઇ મળ્યું જ નથી.

આપણે આ વિચાર બહુ ગંભીરતાથી કરવાનો છે અને હું તમને ચોક્કસ કહું છું કે જેટલા ઊંડાણથી, જેટલી ગંભીરતાથી, જેટલી શાંતિથી અને જેટલા પ્રસન્ન મને આ વિચાર કરશો એટલો જલદી રસ્તો જડશે. પણ ઉતાવળ અને ધમાલ કરશો; કંટાળો, દુઃખ અને ખોટો વૈરાગ્ય લઇને ભગવાનને રસ્તે જશો તો આ જન્મમાં તો નહિ પણ હજાર જન્મે પણ એ રસ્તો નહિ જડે.

ભગવાનનો રસ્તો આમ જોવા જાઓ તો બહુ સહેલો છે, આમ જોવા જાઓ તો અતિશય કઠિન છે. કો'ક સંતે કહ્યું : "તદ્ દૂરે, તદ્ અંતિકે" જે તને અત્યંત દૂર લાગે છે, એ તો એકદમ તારી નજીક છે. પણ નજીકની વસ્તુ હરહંમેશા આપણને દેખાતી નથી.

ચશ્મા પહેરનારને ખબર હોય છે કે બે જાતની દૃષ્ટિ હોય છે. short sight અને long sight. આપણી પરિસ્થિતિ એ છે કે જે વધારે નજીક છે એ દેખાતું નથી કારણ કે એ વધારે સૂક્ષ્મ છે. પણ જે વધારે દૂર છે એ દેખાય છે કારણ કે એ વધારે સ્થૂલ છે. સ્થૂલ દેખાય છે, સૂક્ષ્મ દેખાતું નથી. સૂક્ષ્મ પરમાણુ એ કરતાં પણ વધારે સૂક્ષ્મ આપણામાં પ્રચ્છન્ન છે. એને જોવા માટે Magnifying glass કામ નથી લાગતો, આ આંખ પણ કામ નથી લાગતી પણ આંખની અંદર રહેલી આંખ કામ લાગે છે, દૃષ્ટિની પાછળ રહેલી દૃષ્ટિ કામ લાગે છે. આ સ્થૂલ દૃષ્ટિ ઘણીવાર બંધ કરી દેવી પડે છે. એ બંધ થાય છે ત્યારે જ એ સૂક્ષ્મ તત્ત્વ દેખાય છે.

તમે જાણો છો કે જ્યારે ફિલ્મ જોવાની હોય ત્યારે બધી લાઇટો બંધ કરી નાખવી પડે છે. એ વખતે પડદા screenની ઉપર બહારનો પ્રકાશ ખૂબ પડતો હોય તો પડદા ઉપર દેખાતી આકૃતિઓ ઝાંખી થઇ જાય છે. જે પ્રતિબિંબ reflection આવી રહ્યું છે એને જોવા માટે આસપાસની બધી લાઈટો બંધ કરવી પડે છે.

એવી રીતે આપણે આ અંદરની વસ્તુ જોવા માટે બહારની દૃષ્ટિને પણ કોઇકવાર બંધ કરવી પડે છે. બહારની દૃષ્ટિ બંધ કરીએ તો અંદરની દૃષ્ટિ એકાગ્ર, એક ચિત્ત અને સ્થિર બને છે અને અંધારી રાત્રિએ જેમ વીજળીના ઝબકારામાં ન જડયું, જડયું અને ન જોયું, જોયું એવું કંઇક થાય છે, એવો જ કાંઇક અનુભવ એ સૂક્ષ્મનો થાય છે. આ અનુભવ અત્યંત સૂક્ષ્મ છે.

માટે જ જેને તું દૂર માનીને બેઠો છે; જેને તું તીર્થોમાં, મૂર્તિઓમાં શોધી રહ્યો છે એ તારી અત્યંત નજીકમાં છે. કેટલું નજીક છે ? તો કહુ, શ્વાસોશ્વાસ કરતાં પણ નજીક છે. તારા જે શ્વાસોશ્વાસ ચાલી રહ્યા છે એ તું પોતે જ છે. પણ તું માને છે કે તારા કરતાં આત્મા જૂદો છે ? ભલા માણસ ! તું જો ના હોય તો એ કેવી રીતે હોઈ શકે ? જે વખતે એ આત્મા ગયો ત્યારે સમજી લેજે કે શ્વાસોશ્વાસ પણ ગયા. આ શ્વાસોશ્વાસ છે એ જ એની યાદ છે, એ જ એની પ્રતીતિ છે, એ જ એની સાક્ષી છે અને એ જ એની હાજરી બતાવે છે.

મને ઘણા લોકો પૂછે છે: "મહારાજ! મને આત્મદર્શન કરાવો." હું કહું છું: "આત્માને કેવી રીતે બતાવું? તું પોતે જ જો ભગવાન સ્વરૂપ આત્મા હો તો તને તારામાં બીજો આત્મા કેવી રીતે બતાવું?

"તું જે શ્વાસોશ્વાસ લઇ રહ્યો છે, તું જે તારા પ્રાણ ચલાવી રહ્યો છે અને જે પ્રાણની ગતિ કરી રહ્યો છે—આ બધું જો આત્મા ન હોત તો કેમ ચાલત?"

માણસને ઓકસીજન સિલિન્ડરમાંથી ગમે એટલો ઓકસીજન આપો પણ અમુક સમય પછી એ ખાલી થઇ જાય છે, સિલિન્ડર બદલવું પડે છે. પણ અહીં તો એવું કાંઈ નથી. જન્મ્યા ત્યારથી આજ સુધી બધું વ્યવસ્થિત રીતે ચાલે છે. આ વ્યવસ્થા અંદર બેઠેલા ચૈતન્યની છે. બધું જ કામ, બરાબર વ્યવસ્થિત રીતે–automatically અંદર ચાલી જ રહ્યું છે. તમે ગંભીરતાથી આ તત્ત્વનો વિચાર કરો તો તમને પોતાને અનુભૂતિ થાય કે આ કેવી સૂક્ષ્મ વ્યવસ્થા અંદર ચાલી રહી છે. જન્મથી આજ સુધી બધી જ વ્યવસ્થા રહેવાની. આંખો ખોલવાની, આંખો બંધ કરવાની, બધી જ ક્રિયાઓ અને પ્રક્રિયાઓ ચાલ્યા જ કરે છે. તમે conscious નથી કે કયારે આંખની પાંપણ ખોલવી અને કયારે બંધ કરવી; કયારે શુદ્ધ હવા ફેફસામાં ભરવી અને કયારે ખાલી કરવી; તમે એમ પણ નથી કહેતા કે અમુક ટાઇમ થાય એટલે જ ભૂખ લાગે. ના, આ બધું વ્યવસ્થિત રીતે ચાલી જ રહ્યું છે.

શું આ વ્યવસ્થા જડ કરે છે? શું આ ચૈતન્યનું સંચાલન આ સ્થૂલ દેહ કરે છે? આ પંચભૂત આ બધું ન કરી શકે. પંચભૂતથી એ પર છે, એનાથી કાંઇક દિવ્ય છે; એ દિવ્યતાના સ્પર્શથી આ બધાનું સંચાલન થાય છે.

બલ્બની અંદર કંઇ નથી, પણ આ બલ્બની અંદરથી વિદ્યુતપ્રવાહ electricity પસાર થતાં તમને પ્રકાશ મળી રહ્યો છે. જે ઘડીએ વિદ્યુત-પ્રવાહ બંધ (electricity off) કરી નાખો તે ઘડીએ બલ્બ લગાડી રાખો ને! કશું ન વળે, કોઇ પ્રકાશ ન મળે.

એવી જ રીતે આપણી અંદર દિવ્ય ચેતનાનો વિદ્યુતપ્રવાહ ચાલી રહયો છે. પરમાત્માની મહા-જયોત ચાલી રહી છે. એ જયોતના કારણે આપણી આંખોના બલ્બ આજે દેખતા થયા છે. આ આંખોના બલ્બને જોઇને લોકો કહે છે કે આ માણસ જીવતો છે. પણ જ્યારે ડૉકટર આંખ જોઇને કહે છે ખલાસ ત્યારે પેલો બલ્બ બંધ નથી થયો પણ ચૈતન્ય ચાલ્યું ગયું છે.

આ ચૈતન્યના કારણે જ આ આંખ પ્રકાશ આપતી હતી, એમાં પડેલી બધી વસ્તુઓને જોતી હતી, ભગવાનને તો શું, આખા વિશ્વને સમાવી શકતી હતી. પણ જે ઘડીએ ચૈતન્યની વિદ્યુત electricity બંધ થઈ ગઇ પછી આંખ સામે જુઓ તો કોઈ ભાવ નહિ, કોઇ જવાબ નહિ, કોઇ ઊર્મિઓનો ઉલ્લાસ નહિ અને કોઈ લાગણીઓનો આવિષ્કાર પણ નહિ, માત્ર સ્થિર થયેલી જડ આંખો. જોતાં જ તમારામાં ઝીણી ભયની ધ્રૂજારી પસાર થઈ જાય.

જે આંખોમાં આંખો મેળવીને જોવાનું મન થતું હતું એ આંખોને જોતાની સાથે જ તમે ધ્રૂજારી અનુભવો છો અને મોઢામાંથી નીકળી પડે છે 'ખલાસ!' શું ખલાસ? શું ઓછું થયું? એને તોલી જુઓ તો એટલા જ વજનનો છે. એમાં કાંઈ ફેર નથી.

શું ખલાસ થઇ ગયું? પણ 'ખલાસ થઈ ગયુ' એ જે બોલે છે એ બરાબર છે. આત્માનું તત્ત્વ હતું એ એમાંથી ખલાસ થઇ ગયું.

જે ઘડીએ એ ખલાસ થઈ ગયું પછી એ ભાઇને ભાઈ નથી કહેતા, બહેનને બહેન નથી કહેતા, નામ નથી દેતા, એને મડદું કહીએ છીએ. પૂછે: કયાં છે? કહો: મૃતક અંદર પડયું છે, મૃતક લઈ ગયા, મૃતકને મૂકી દીધું.

આટલી વારમાં એ મડદું થઈ ગયું! હવે

એનું નામ કોઇ નથી લેતું, હવે એને ભાઇ, બહેન, કાકો, ભત્રીજો....કહી કોઇ બોલાવતું નથી. હવે તો એક જ શબ્દ 'મૃતક' એ મડદું છે.

આ બધી વાતો અજ્ઞાત મનમાં પડેલી છે. અનાદિકાળના સંસ્કારોને લીધે તમે બોલો છો ખરા પણ તમારી ચેતના એટલી પ્રબુદ્ધ થઈ નથી કે આ વાતનો જે રીતે વિચાર કરવો જોઇએ એ રીતે કરી શકો. જે દિવસે તમે આ રીતે વિચાર કરતા થવાના પછી હું માનું છું કે તમે એ પ્રશ્ન નહિ પૂછવાના કે આત્મા ક્યાં છે? જે દિવસે તમને જ્ઞાન થવાનું તે દિવસથી એમ નહિ પૂછવાના કે આત્માને સિદ્ધ કરી બતાવો.

ભાઈ, આત્મા કોઇ જડ પદાર્થ matter નથી કે પ્રયોગશાળામાં સિદ્ધ કરી બતાવાય. આ laboratoryમાં સિદ્ધ થઇ શકે એમ નથી. જિંદગી ખુદ પોતે જ જો પ્રયોગશાળા laboratory હોય તો આને બીજી કઈ પ્રયોગશાળામાં લઇ જવો ?

આપણે પોતે જ ખુદ પ્રયોગશાળા છીએ. દરેક સ્ત્રી, દરેક પુરુષ, દરેક બાળક અને દરેક વૃદ્ધ અને એક નાનામાં નાની કીડી–આ બધી પ્રયોગશાળાઓ છે. અને એ પ્રયોગશાળાની અંદર બેઠો બેઠો આ વૈજ્ઞાનિક કામ કરી રહયો છે. એક નાનકડી કીડી પણ આવીને તમને કેવી હલાવી શકે છે? એક ચટકો મારે અને તમને બીજા વિચારમાં લઇ જાય. આપણે ખુદ જ પ્રયોગશાળા છીએ એટલે ચૈતન્યને સિદ્ધ કરવા માટે બીજી કોઈ વસ્તુની જરૂર નથી.

કહેવાય છે કે હાથમાં જો કંકણ હોય તો અરીસાની કોઇ જરૂર હોતી નથી. તો આપણામાં જો શ્વાસોશ્વાસ હોય, ચૈતન્યના ધબકારા હોય, આપણે જો ગઇકાલ, આજકાલ અને આવતી કાલ ત્રણેનો સમન્વય ક્ષણમાં કરી શકતા હોઈએ તો હું આપને પૂછું છું કે એને સિદ્ધ કરવા માટે હવે બહારની બીજી કઈ વસ્તુની જરૂર છે?

આ ચૈતન્ય પચીસ વર્ષ પહેલાની સ્મૃતિને એક મિનિટમાં તમારી સામે લાવીને ઊભી કરી શકે છે. હમણાં તમે અહીં બેઠા હો અને પચીસ વર્ષ પહેલાં જોયેલા માણસને અહીં, અત્યારે જુઓ અને કહો: "અરે ફલાણા ભાઈ, તમે અહીં ક્યાંથી?" તમે કાળને કાપી નાખ્યો. પચીસ વર્ષનો તમારી વચ્ચેનો જે કાળ હતો એને તમે એક સેકન્ડની અંદર તોડી નાખ્યો, પડદો ઉંચકાઈ ગયો. પચીસ વર્ષની સ્મૃતિઓને તાજી કરવા માટે પચીસ વર્ષ નથી જોઇતાં, પચીસ સેકન્ડ પણ નથી જોઇતી, એક સેકન્ડ જ બસ છે. બાજુમાં બેઠેલા ભાઇ પૂછે કે તમે એને ક્યાંથી ઓળખો છો? કહો: અમે બન્ને એક શાળામાં સાથે ભણતા હતા. જુઓ પચીસ વર્ષના કેલેન્ડરો એક સેકન્ડની અંદર ફેરવાઈ ગયાં અને તરત ઓળખાણ તાજી થઈ ગઈ.

એવી જ રીતે આવતીકાલને પણ તમે તમારામાં સમાવી શકો છો. તમારું Planning કેટલું બધું છે? આજે તમારી રચનાને કારણે તમે અહીં બેઠેલા છો. નહિતર માણસ એક પથ્થર યુગમાં બેઠો હતો. એની પાસે પથ્થર હતો, બીજું કાંઇ નહોતું. મારવો હોય તો પથ્થર, તોડવું હોય તો પથ્થર, એને રહેવું હોય તો પથ્થરની ગુફામાં અને સૂવું હોય તો ઓશીકું પણ પથ્થરનું.

આ પથ્થર યુગમાં રહેતો માણસ આજે કેવા આલીશાન, sophisticated મકાનોમાં, એરકન્ડિશન રૂમમાં આવીને રહયો છે. આ બધું કોણે કર્યું? તમે માનો છો કે આ બધું જડ કરે છે? આ બધું computer કરે છે? આ જે કરી રહયો છે એ જ આ આત્મા છે, પ્રકાશ છે. તમે પ્રકાશ છો અને પ્રકાશના સાન્નિધ્યમાં બેઠા છો તેમ છતાં પણ પ્રકાશ ક્યાં છે તે જાણતા નથી.

જેમ મહેલમાં સૂતેલો માણસ ઘેનમાં પડેલો હોય, એને જગાડો અને પૂછો કે તું કયાં છે? કહે: ખબર નથી, મારે તો મહેલમાં જવું છે, મને તમે મહેલમાં લઇ જાઓ. ભલા માણસ, તું મહેલમાં જ છે. પણ એને લાગતું નથી કે હું મહેલમાં છું.

એ જ હાલત તમારી છે. તમે પ્રકાશના સાન્નિધ્યમાં છો, પ્રકાશ દૂર નથી પણ એને તમે જોઇ શકતા નથી, એને માટે ગંભીરતાથી વિચાર કરી શકતા નથી. અને તમને સતત લાગ્યા કરે છે કે પ્રકાશ કયાં છે? આત્મા કયાં છે? પરમાત્મા કયાં છે?

પ્રકાશ, આત્મા, ભગવાન–એ અનુભૂતિ છે. જેમ વિદ્યુતનો પ્રવાહ શરૂ થતાં બલ્બ વીજળીથી ઝગમગતો થઇ જાય છે, અંદર રહેલા તાંબાના તાર જાણે સોનાના બની જાય છે. એમ ચૈતન્યને લીધે આ પંચભૂતરૂપી બલ્બ ચૈતન્યથી ઝગઝગાટ કરતો થઇ જાય છે.

તમે બોલો છો, હસો છો, આનંદ કરો છો, બધું જ કરો છો–આ બધાં આવિષ્કારો જડના નથી, પણ ચૈતન્યના છે–Various manifestations of spirit છે. જૂદી જૂદી ભૂમિકાઓ છે, જૂદા જૂદા આકારો છે અને જૂદા જૂદા વેષ અને વિભૂષાઓ છે.

એટલા માટે કહું છું કે જિંદગી એ બીજું કાંઈ નથી પણ એક નાટક છે અને દરેક મનુષ્યે એમાં સુંદરમાં સુંદર પાત્ર બની ભાગ ભજવવાનો છે. ભાગ ભજવતા ભજવતા એમ જ સમજી લેવાનું છે કે આ ચાર અંકનો ખેલ છે. બાલ્યાકાળ, યુવાની, પ્રૌઢતા, વૃદ્ધાવસ્થા અને ખેલ પૂરો!

ચાર જ એના અંક છે, માત્ર ચાર અંકો અંદર એનું નાટક પૂરું થઇ જાય છે. એ નાટકમાં ભિન્ન ભિન્ન આકારો લેવા પડે, ભિન્ન ભિન્ન વસ્ત્રો પહેરવાં પડે, ભિન્નભિન્ન ભૂમિકાઓ ભજવવી પડે આ બધું એક મહાચૈતન્યનો મેળો છે. ભૂમિકા અનેક છે પણ ભજવનાર તો એક ચૈતન્ય જ છે ને?

આ પ્રકાશના સાન્નિધ્યનો અનુભવ કરવા માટે અમુક ભૂમિકાઓમાંથી પસાર થવું પડે છે.

પ્રથમ ભૂમિકામાં એ અનુભવ થવો જોઇએ કે 'આત્મા કયાં છે?' એ પ્રશ્ન પૂછનારો અને આત્મા એ જૂદા નથી. આત્મા છે તો જ એ પ્રશ્ન પૂછે છે, સાંભળે છે, જૂએ છે અને અનુભૂતિ પણ કરે છે. જે દહાડે એ નહિ હોય એ દિવસે કાંઈજ નથી.

તો હવે જે છે જ એનો પ્રશ્ન શું પૂછવાનો? એ અનુભૂતિ થતાં અહંનો પ્રશ્ન સમાપ્ત થઈ જવાનો.

હવે તમે શરૂઆત એમ જ કરવાના કે 'આત્મા છે જ.' 'છે' એટલે આ બોલે છે એ વાત નકકી થઇ ગઈ. 'હું છું' એની ખાતરી પણ થઇ ગઈ.

પણ જેને ખાતરી નથી કે 'હું છું' એને તો એવું જ લાગે છે કે "હું નથી" અને આ બીકને કારણે, 'હું નથી' એના અજ્ઞાનને કારણે એના મનમાં ઘણા ભય ઉત્પન્ન થાય છે.

રાતના સૂતો હોય, અંધારી રાત હોય, શાંતિ પ્રસરેલી હોય અને જાગી જાય, કો'કવાર વિચારે ચઢી જાય: "હું અહીંથી મરીને કયાં જઇશ?" આ વિચાર એટલો ભયવાળો થઇ જાય કે ઘણા તો એનો વિચાર પણ નથી કરવા માગતા. મનમાં થાય કે આ વિચાર બહુ નથી કરવો, એના કરતાં ઊંઘી જાઉં તો સારું.

આ વિચારને દૂર avoid કરવા માગે છે કારણ કે એ પોતે અનિશ્ચિત (uncertain) છે. એને થાય છે કે "હું કયાં જઇશ? અહીંથી જઈશ પછી મારું શું થવાનું? કોઇ અજ્ઞાત મહાસાગરના પેટાળની અંદર હું કયાંક ફેંકાઇ જઇશ તો મને બહાર કોણ કાઢશે?" આવા પ્રકારની ભીતિ અને અનિશ્ચિતતાને કારણે એ વિચાર કરવા નથી માગતો. ઘણા તો વળી કહે કે ચાલો, આપણે મહારાજ પાસે જઈએ,

ભગવાન પાસે જઇએ, તીર્થે જઇએ, ભગવાન આપણું જે કરશે તે ખરું.

એમ કરીને એ પ્રશ્નને આગળ ઉપર ધકેલવા માગે છે પણ એ પ્રશ્નને ધકેલે કેમ ચાલશે ?

આ પ્રશ્ન તમારો છે અને તમારો પ્રશ્ન બીજો કોઈ પતાવે તેમ નથી. તમારો પ્રશ્ન તમે નહિ ઉકેલો તો તમને સમાધાન ક્યાંથી મળશે ? સમાધાન તમારે પોતાને મેળવવાનું છે.

એ કેવી રીતે મળે ? પહેલાં તમને નિશ્ચય થવો જોઇએ કે 'હું છું' I am. તો બીજો પ્રશ્ન આવવાનો કે શું હું આજે જ છું ? ના 'હું હતો' I was. પહેલાં પણ હતો અને આજે પણ છું. ત્રીજો પ્રશ્ન આવશે કે હવે પછી? 'હું રહેવાનો.' I will be આ ત્રણેને તમે એક સાથે કરી નાખો. હું હતો, હું છું અને હું રહેવાનો.

એટલે હવે તમને કાઢવાની વાત જ નથી, તમે ક્યાં જવાના છો એ પ્રશ્ન જ નથી. હવે મરીને ક્યાં જવાનો એ બીક જ મરી ગઇ. બીક શેની હતી ? મરી જઇશ, પણ હવે હું મરવાનો નથી એવો નિશ્ચય જ થઇ ગયો પછી ભય શાનો ?

જ્યાં સુધી આ નિશ્ચય ન થાય ત્યાં સુધી તમે બધી ક્રિયા કરશો ખરા, ધ્યાન ધરશો, ઇશ્વરનું સ્મરણ કરશો, સ્વાધ્યાય કરશો, પણ તમારા મનમાંથી આ ભીતિનો કાંટો નહિ નીકળે અને જ્યાં સુધી એ કાંટો નીકળે નહિ ત્યાં સુધી આ બધી વસ્તુઓ અસર પણ નહિ કરે.

વૈદક શાસ્ત્રમાં એક નિયમ છે કે જ્યાં સુધી પેટમાં મળ ભર્યો હોય ત્યાં સુધી ઔષધનો ઉપચાર કામ ન કરે. મળ પરિપકવ થઈને નીકળવો જ જોઇએ. એવો જ આ શાસ્ત્રનો પણ નિયમ છે કે જ્યાં સુધી ભીતિનો મળ અંદર પડેલો છે ત્યાં સુધી ધર્મની બધી જ વાતો અને ક્રિયાઓ નકામી છે.

તમે ગીતામાં જોશો તો સ્થિતપ્રજ્ઞના ગુણોમાં 'અભય' ગુણ બતાવવામાં આવ્યો. નમુત્થુણંમાં ભ. મહાવીરે અભયની વાત કરી, તમારી પાસે પહેલાં અભય હોવો જોઈએ. બીજા ધર્મોમાં નિર્ભયતાની fearlessnessની વાત કરી. આ નિર્ભયતા લાવવા માટે પહેલાં અનુભૂતિ કરવી પડે છે કે હું હતો, હું છું અને હું રહેવાનો છું. હું કદી મરવાનો નથી. મને કોણ મારી શકે તેમ છે ?

જો હું રહેવાનો છું તો કદાચ પચીસ વર્ષે કે પચાસ વર્ષે મારે અહીંથી મુકામ બદલવો પડે..શું થયું ? બદલી થઇ ગઇ, transfer થયો, બીજે ઠેકાણે મૂકાઈ ગયો. એટલે મારું અસ્તિત્વ મટી જશે એવી જે ભીતિ હતી તે મટી ગઇ.

મારું અસ્તિત્વ તો રહેવાનું જ છે પણ એટલું કે મુંબઇને બદલે કદાચ ઇંગ્લેન્ડમાં રહીશ, ઇંગ્લેન્ડને બદલે રશિયામાં રહીશ, આ ગ્રહ (planet) ઉપર નહિ તો બીજા કોઈ ગ્રહ (planet) ઉપર રહીશ પણ "હું રહેવાનો છું."

એકવાર તમારા અંતરમાં આવી પ્રતીતિ થઈ જાય, આવો તમને વિશ્વાસ થઇ જાય, તમે પોતે બોલવા ખાતર નહિ પણ અંદરથી બોલતા થઈ જાઓ કે I am immortal; હું અમર છું, હું મૃત્યુધર્મી નથી, પછી તમને ખ્યાલ આવશે કે લોકો જયારે 'મૃત્યુ, મૃત્યુ' કહે છે તો મૃત્યુ શું છે ?

લોકો કહે કે ફલાણાભાઈ મરી ગયા ત્યારે એને ખ્યાલ આવવાનો, એને વિવેક જ્ઞાન થવાનું કે લોકો કહે છે કે ફલાણાભાઇ મરી ગયા પણ આત્મા મરી ગયો એમ કોઈ કહેતું નથી. તો જે ભાઇને નામ આપ્યું હતું એ ભાઈ મરી ગયા.

નામ છે એનો નાશ છે. નામ નાશની સાથે સંકળાયેલ છે એટલે ડાહ્યા માણસો કદી નામની ધમાલમાં પડતા જ નથી. ભાઈ, નામ કાલ જતું હોય તો આજ જાય, શું વાંધો છે? જેનો નાશ મોડો થવાનો હતો એનો વહેલો થાય તો થવા દો. જેનું નામ એનો નાશ.

કોઈ કહે: ફલાણા ભાઈ મરી ગયા. તો જેનું નામ હતું એ મરી ગયા. પણ નામ આપતા પહેલાં જે જીવતો હતો એ કયાં મરી ગયો છે? જન્મ્યો તો નામ પડ્યું; જન્મ્યો જ ન હોત તો નામ પડત? તો જેનું નામ પડ્યુ હતું એ મરી ગયો છે પણ જન્મ પહેલાં જે જીવતો હતો એ તો છે જ.

મર્યો એનું શું થયું? બીજે કયાંક જન્મ લીધો. એની ગતિ ચાલુ છે. આ વાત સમજાય પછી બીક નહિ લાગે, એમ નહિ જ લાગે કે હું મરી જવાનો.

એમ લાગે કે મારે મુંબઈ મૂકવું પડે, અને બીજે જવું પડે, આ દેહ મૂકવો પડે અને બીજો દેહ ધારણ કરવો પડે, જુદો આકાર form ધારણ કરવો પડે.

હું આ સંસારની નાટકકંપનીમાં જોડાયો છું, તો મને અહીં જે પાત્ર મળે તે મારે ભજવવું રહ્યું. આજે હરિશ્ચન્દ્ર તો કાલે રાજા વિક્રમ. આ અનેક પાત્રોમાં કામ તો મારું ચૈતન્ય જ કરે છે. જે મહાસત્તા છે એ તો ત્રણે કાળમાં અબાધિત છે. એ સત્તા અહીં રહેવાની; એટલે મારે ભય રાખવાનું કોઈ કારણ જ નથી.

હું સત્તારૂપે છું, હું આત્મારૂપે છું. આત્માની આ પ્રતીતિ, આ શ્રદ્ધા એ જ તો ભગવાન પાસે જવાની શરૂઆત છે.

હું છું એની પ્રતીતિ ન થાય અને ખાલી તમે ભગવાન પાસે એમના એમ જશો તો બહુ મુશ્કેલીઓ ઊભી થવાની. દેરાસરોમાં ગરદી થવાની, મંદિરોમાં ધાંધલ થવાની, પાણીમાં ડૂબકી મારવા માટે મારામારી થવાની અને એની અંદર જ લોકો મરી જવાના. કારણ કે આ બધા જાણ્યા વિના જ દોડી રહ્યા છે, હડીઓ કાઢી રહ્યા છે, ભાગાભાગ કરી રહ્યા છે.

ખરી વાત તો એ છે કે પરમાત્માનું સાન્નિધ્ય એ તો શાંતિનો આનંદ છે. એને બદલે તમે તો દોડ અને ધમાલ કરીને શાંતિને જ લુંટાવી નાખો છો. જે માર્ગે જવાનું છે એનાથી તમે વિરુદ્ધ માર્ગે જઈ રહ્યા છો.

પણ જો આ સ્થિરતા આવી જાય કે "હું છું" તો પછી શું જોઈએ?

અત્યારની અપૂર્ણતા એ ઉપરનું આવરણ છે, માત્ર એક આવરણ જ છે, અંદર તો હું પૂર્ણ જ છું પણ અત્યારે મારી અવસ્થા અપૂર્ણ છે.

જેવી રીતે કોઈ વિદ્યાર્થી નાનો હોય, એને પૂછો કે તારે શું થવું છે? કહે: "મારે પ્રોફેસર થવું છે." પ્રશ્નનો દોર ન છોડતાં બીજો પ્રશ્ન મૂકે: પ્રોફેસર થઈને શું કરીશ? "ભણાવીશ" વિદ્યાર્થી દૃઢતાપૂર્વક કહે. પછી "ભણાવીશ" કહીને એ આજે ભણવાનું બંધ નથી કરતો. એ ભણવાની શરૂઆત કરે છે. ભણતો ભણતો, મહેનત કરતો કરતો વીસ વર્ષ મહેનત કરી એ અઠાવીશમે વર્ષે M. A., Ph.d. કરીને પ્રોફેસર થઈને ઊભો રહે છે. આઠ વર્ષનો હતો ત્યારે એ પ્રોફેસર નહોતો પણ એનામાં પ્રોફેસર છુપાયેલો હતો. પણ એ પ્રોફેસર થવા માટે એને અંદર રહેલી વસ્તુઓ બહાર કાઢવી પડી, એને બહાર કાઢવા માટે બીજા પ્રોફેસરનું શરણું લેવું પડ્યું, બીજા પ્રોફેસર પાસે જવું પડ્યું. કોલેજમાં, યુનિવર્સિટીમાં જઈને ધીરે ધીરે પોતાની અંદર જે હતું એ જ પૂર્ણ રીતે વિકસાવ્યું.

એવી જ રીતે આપણામાં જે પડયું છે એ પૂર્ણ છે. પણ બહારના આવરણને લીધે અપૂર્ણ દેખાય છે, આ અપૂર્ણને પૂર્ણ કરવા માટે પૂર્ણ પાસે જવાનું છે, પૂર્ણને શોધી પૂર્ણના સાન્નિધ્યમાં જવાનું છે. પૂર્ણનો સહારો લેવાનો છે. આ પૂર્ણ એટલે ભગવાન.

આ પૂર્ણને, ભગવાનને ત્રણ રીતે જોવાય છે. સેવકની દૃષ્ટિથી, બહેનની દૃષ્ટિથી, પ્રિયતમાની દૃષ્ટિથી, ત્રણ દૃષ્ટિથી ભગવાનને જોઇ શકાય છે.

પહેલી દૃષ્ટિ સેવકની છે. તમારો નોકર તમારે માટે પલંગ બિછાવે, ઝાડુ કાઢે, કપડાં ધૂએ, બધી જ પ્રવૃત્તિઓ કરે. પણ બહાર જાય અને કોઇ પૂછે કે છગન ! તું કોને ત્યાં નોકરી કરે છે ? તો કહેશે "અનંતનાથ શેઠની નોકરી કરું છું." એટલે જેને સંસ્કૃતમાં ત્રીજો પુરુષ કહેવામાં આવે છે '‘तस्य अहम्'' 'હું તેનો છું.' એ એમ નથી કહેતો કે હું તમારો છું કારણ કે એટલો નજીક એ આવી શકતો નથી.

'तस्य अहम्' અનંતનાથ શેઠનો હું નોકર છું. એ ભલા છે, પ્રેમાળ છે, દયાળુ છે. એ શેઠને ત્રીજા પુરુષમાં જ ઉદ્બોધે છે. હા, એ વફાદારીથી નોકરી કરે પણ આત્મીયતાનો અનુ-ભવ ન કરી શકે.

ભકત જ્યારે પહેલવહેલી ભગવાનની ઉપા-સના શરૂ કરે છે ત્યારે તૃતીય પુરુષથી શરુઆત કરે છે. "ચાલો, ભગવાનનાં દર્શન કરીએ." ભગવાન કેવા છે એ ખબર નથી.

ત્રીજા પુરુષમાં થોડુંક અન્તર છે. એ જરા દૂર છે. નોકર ગમે એટલો શેઠની નજીક આવી જાય, પચીસ વર્ષ નોકરી કરે તો પણ કોઇ પૂછે ત્યારે તો એ કહેવાનો કે અમુક શેઠને ત્યાં હું છું. જુઓ, પચીસ વર્ષથી નોકરી કરે છે તેમ છતાં એ શેઠને માટે ત્રીજો પુરુષ જ વાપરવાનો. બીજી ભૂમિકા છેઃ—બહેનની. 'તું મારો ભાઇ છે,' 'હું તારી બહેન છું' "તું" આવીને ઊભું રહે. 'तव:' "હું તારો છું" પેલા નોકરની પચીસ વર્ષ સુધીની નોકરી હતી તેમ છતાં ત્રીજા પુરુષનો ખ્યાલ તૂટ્યો નહોતો તે હવે બહેનનો ભાવ આવ્યો એટલે તૂટી ગયો. તુંકારામાં મીઠાશ અને આત્મીયતા બંને છે.

બહેન ભલે સાસરે ચાલી જાય પણ પૂછે તો કહેઃ આ મારો ભાઈ છે. પચીસ વર્ષ દૂર જાય તો પણ ભાઈબહેન તરીકેનો, તારામારાનો જે સ્નેહ છે, જે વાત્સલ્ય છે એ તૂટતો નથી.

तव अहम् બહેન ભાઇને કહેઃ 'હું તારી બહેન છું." ભાઈ કહેઃ "હું તારો ભાઇ છું' નોકર કરતાં આગળ વધીને એ હવે ભાઇ બહેનના સંબંધમાં આવ્યા છે.

હવે ત્રીજી ભૂમિકા આવે છે. 'त्वमेव अहम्' 'તું એ હું છું અને હું એ તું છે.' તારામાં અને મારામાં કાંઈ ફેર નથી. તારી મિલ્કત એ મારી મિલ્કત છે, મારી મિલ્કત એ તારી મિલ્કત છે.

આ અધિકાર Power of Attorney આવી ગયો. આ કામ પત્ની જ કરી શકે, પ્રિયા જ કરી શકે. કારણ કે એ એના મિલ્કતની સ્વામિની બની જાય છે. પતિ ઘરે ન હોય, કોઈ મળવા આવે, પૂછે કે 'અંતુભાઇ કયારે આવશે ? મારે ખાસ મળવું છે.' પત્ની જવાબ આપેઃ 'સાંજે આવશે.' આવનાર ભાઇને શેઠની એપોઇન્ટમેન્ટ Appointment જોઈતી હોય તો તે પણ પતિને પૂછયા વિના આપી શકે છે. On behalf of him એ પોતે કહી શકે છે કારણ કે એનો હકક છે.

'त्वमेव अहम्' 'તું એ જ હું છું.' આ ભૂમિકામાં આવ્યા પછી એને કાંઇ જૂદાપણું લાગતું જ નથી. એ તો આજે આ કાયદાઓએ

'તમારા પૈસા' અને 'મારા પૈસા' એમ ભેદ પાડ્યા છે! આ સંબન્ધમાં અભેદ છે. પત્ની પતિના ખિસ્સામાં હાથ નાખે, જોઇએ તેટલું લઇ લે, ત્યારે પતિ કોર્ટમાં કેસ નથી કરતો કે મારા ખિસ્સામાંથી પૈસા કાઢી લીધા, પડાવી લીધા. એને હક્ક છે. એને પૂછવાનું હોતું જ નથી. જો ખિસ્સામાં હાથ નાખે અને ના પાડે તો એટલો એકબીજા વચ્ચે પડદો લાગે છે.

પતિ જમવા બેઠો હોય અને સ્વાદવશ વધારે ખાયે જાય તો પત્ની કહી દે છેઃ વધારે ખાશો તો માંદા પડશો. અને કોઇકવાર ઓછું ખાય તો દબાણ કરીને ખવડાવે પણ ખરી.

આ ત્રીજી ભૂમિકામાં 'त्वमेव अहम्' તું એ હું છું અને હું એ તું છે. એક બીજા માટે એવો ભાવ થઇ જાય કે એક બીજાના દુઃખમાં એક બીજા દુઃખી બની જાય છે અને એક બીજાના સુખમાં એક બીજા સુખી બની જાય છે.

હવે ભગવાનનાં સાન્નિધ્યમાં જવાની શરુઆત થાય છે. "હું છું" એમ નક્કી કર્યા પછી હવે હું કઈ રીતનો ભગવાનની સાથે સંબંધ relation રાખું છું એના ઉપર બહુ આધાર રહે છે.

'હું તેનો છું,' 'હું તમારો છું,' કે 'હું તું છું.'

જો તમે એમ વિચાર કરો કે હું તેનો છું તો હજી તમે ચાકર જેવા છો. ચાકરના ભાવમાં ભગવાનને કહો છો : હે ભગવાન! તું ત્યાં ઉપર જઈને બેસી ગયો અને હું અહીં રહી ગયો, તું કયાં અને હું કયાં, એમ કહેતાં તમને તમારી અને ભગવાનની વચ્ચે મોટું અંતર distance દેખાય છે. અલબત્ત તમારી સેવા જબરી છે, તમારી ભકિત અદ્દભુત છે, વફાદાર, આજ્ઞાંકિત નોકરના જેવી જ તમારી નમ્રતા છે તેમ છતાં અંતર છે, મોટું અંતર પડી ગયું છે. અને એ અંતરને લીધે તમે એને તમારામાં અનુભવી શકતા નથી. સમય થઇ જાય એટલે તમારે ઘરમાંથી બહાર નીકળી જવાનું થાય છે કારણ કે એ તો માલિક છે, માલિકને ત્યાં તમારો કયો હક્ક?

પણ જયારે બીજી ભૂમિકામાં આવો છો પછી ભગવાન દૂર નહિ, પણ સામે બેઠા છે. તમે મંદિરમાં જાઓ, ભગવાનની સાથે વાત કરો.

'તું અને હું' આપણામાં ફેર શું છે ભગવાન? આપણે ભાઈબહેનની જેમ એક જ ખોળામાં ઉછરેલા બે સંતાનો છીએ પણ આજે તું નિર્મળ થઇ ગયો અને હું મલિન રહ્યો છું, તું શુદ્ધ થઇ ગયો અને હું અશુદ્ધ છું, તું ઉપશમનો દરિયો છે અને હું ક્રોધકષાયથી ભરેલો છું. આપણે બે સાથે રહેનારા છતાં આપણામાં કેટલું બધું અંતર પડી ગયું. મારામાં મલિનતાનો પડદો છે એટલે જ તું નજીક હોવા છતાં હું તને સ્પર્શી શકતો નથી.

એક ગુરુ પાસે એક ઝોળી હતી, ઝોળીને ગુરુ જીવની જેમ સાચવે. શિષ્યને થયું કે ગુરુ આટલા નિર્મોહી અને આટલા નિઃસ્પૃહી હોવા છતાં આ ઝોળીને આખો દહાડો કેમ સાચવે છે. પણ શિષ્ય બહુ આજ્ઞાંકિત હતો. બાર વર્ષ સુધી એની પાસે રહ્યો પણ એણે કોઇ દિવસ એ ઝોળી ખોલીને જોવાનો વિચાર નહિ કર્યો. બાર વર્ષ થયાં, ગુરુને લાગ્યું કે આ શિષ્ય ખરેખર લાયક છે. હવે એને આ રહસ્ય secret બતાવવું જોઇએ.

એક દિવસ પર્વતની ટોચ ઉપર ગુરુ બેઠા હતા, શાંત વાતાવરણ હતું, શિષ્યને બોલાવીને ગુરુએ કહ્યું : મારી ઝોળી અંદરથી લઈ આવ. શિષ્ય ઝોળી લઈ આવ્યો. ગુરુએ કહ્યું : ઝોળીની અંદર લોખંડની ડબ્બીમાં પારસમણિ પડયો છે એ મારી પાસે લઇ આવ.

શિષ્ય વિચાર કરવા લાગ્યો: આ બન્ને વિરોધી વાત છે. લોખંડની ડબ્બી અને પારસમણિ ! પારસમણિ અડે અને લોખંડ સોનું થઇ જાય અને જો લોખંડ પારસમણિના સ્પર્શથી સોનું ન થાય તો, કાં તો એ લોખંડ નથી, કાં પેલો પારસમણિ નથી. ગુરુએ આ વિરોધી વાત કેમ કહી ? મનમાં શંકા ઊભી થઇ.

શિષ્યે ઝોળીમાંથી લોખંડની ડબ્બી કાઢી, બાર બાર વર્ષથી બહારની હવા ખાઇને આ લોખંડની ડબ્બી પર કાટ પણ ચઢયો હતો. ડબ્બી ગુરુને આપી. ગુરુએ ધીમે રહીને ડબ્બી ખોલી. ડબ્બીની અંદર કપડું હતું, કપડાની અંદરથી એણે પારસમણિ કાઢયો. પારસમણિના તેજને જોઇને શિષ્ય બોલી ઊઠયો: "ગુરુજી! તમારી પાસે પારસ ?" શાંત ચિત્તે ગુરુ બોલ્યા: "હા"

શિષ્ય વિચારમાં પડી ગયો, એને કોઇ રસ્તો સૂઝે નહિ, એનું મન મૂંઝવણમાં પડી ગયું. એને થયું, શું સાચું માનવું ? ગુરુ કહે છે કે આ પારસમણિ છે અને બીજા હાથમાં લોખંડ બતાવે છે. બાર બાર વર્ષ બન્ને સાથે રહ્યાં છતાં લોખંડ સોનું બન્યું નહિ.

શિષ્યની મૂંઝવણ ગુરુ સમજી ગયા અને જો સમજે નહિ તો એ ગુરુ શાના?

ગુરુએ કહ્યું : "વત્સ ! હવે હું તને રહસ્ય સમજાવું. તને શંકા છે ને કે બાર બાર વર્ષ આ પારસમણિ અને આ લોખંડ સાથે રહેવા છતાં લોખંડ સોનું કેમ ન બન્યું ?" "હા, ગુરુજી." શિષ્યની દૃષ્ટિને કેન્દ્રિત કરતાં ગુરુએ કહ્યું: "વત્સ! તું જોતો નથી કે વચમાં એક પટ છે, પાતળું કાપડ છે ! મેં પારસમણિને કપડાની અંદર બાંધીને રાખેલો હતો. જો હવે આ પટ ખસી ગયો.' જેવો પારસમણિ ડબ્બીમાં મૂકયો, આખી ડબ્બી સોનાની થઈ ગઈ.

"વત્સ ! જો, આ એક પટ છે. એ પટને લીધે લોખંડ સોનું બની શકતું નથી. ભગવાનની અને આપણી વચ્ચે પણ એક પટ છે એટલે આત્મા પરમાત્મા બનતો નથી, એનું સ્વરૂપ પામતો નથી. જો આ પટ ખસી જાય તો આત્મા એ જ પરમાત્મા છે. એને ક્ષણની પણ વાર લાગતી નથી."

આપણા વચ્ચે એક પટ છે, અંતર પટ છે. આ અંતરપટ ભલે પાતળો હોય પણ એ પટ છે, મલમલનો હોય તો પણ એ કાપડનું પટ છે અને ઝીણામાં ઝીણું પારદર્શક નાયલોન હોય તો પણ એક અંતરાય છે.

આ અંતરાય (obstacle) જ્યાં સુધી ખસે નહિ ત્યાં સુધી એકબીજાને સ્પર્શ થતો નથી. જ્યાં સુધી આ પારસમણિ લોખંડને અડે નહિ ત્યાં સુધી કોઈ દિવસ પણ આ સોનું થાય નહિ.

ભલે તમે વર્ષો સુધી જાપ જપ્યા કરો પણ આ જીવ જ્યાં સુધી અંતરનો મળ કાઢે નહિ ત્યાં સુધી આ જીવ જીવ રહે, શિવ શિવ રહે. પણ જે ઘડીએ આ મેલ નીકળ્યો, આ વાસનાની આછી આછી પણ નાનકડી દીવાલ તૂટી ગઈ, તમે તમારા આશ્ચર્ય વચ્ચે જોશો કે આ જીવ એ જ શિવ છે, આ આત્મા એ જ પરમાત્મા છે.

બીજી ભૂમિકામાં 'तवेव अहम्'માં ભગવાનને કહો છો: હે ભગવાન ! હવે હું તારો છું, હવે તારે મને રાખવો પડશે, તારે મને સ્વીકારવો પડશે અને મને તારા સ્પર્શથી સુવર્ણ બનાવવો પડશે.

જ્ઞાનની ભૂમિકામાં આગળ વધતાં જ્યારે દર્શન થાય છે અને પડદો ઉંચકાય જાય છે ત્યારે લાગે છે કે त्वमेव अहम्—તું એ હું છું અને હું એ તું છે. તું મને તારા જેવો બનાવ નહિ, પણ હું તારા જેવો જ છું.

આ ભૂમિકામાં આવતાં જેમ બિન્દુ સિન્ધુમાં મળતાંની સાથે એકરૂપ બની જાય છે, એમ આ ચૈતન્ય પરમાત્માની સાથે એકરૂપ બની જાય છે, બન્ને વચ્ચે કોઈ જૂદાઈ રહેતી નથી. કોઈ પૂછે કે બિન્દુ કયાં ગયું ? લીન થઈ ગયું.

"હમ હમ ન રહે, તુમ તુમ ન રહે, તુમ હમ મિલકર હમ બન ગયે."

આ ત્રીજી ભૂમિકામાં આવતાં પરમાત્માના પરમસાન્નિધ્યની અનુભૂતિ થાય છે. પરમ પ્રકાશનું સાન્નિધ્ય એ આ જ છે. આ પરમ પ્રકાશના સાન્નિધ્યનો અનુભવ આવતા જન્મમાં નહિ, બીજા કોઈ જન્મમાં નહિ પણ આ જન્મની અંદર જ કરવાનો છે.

આ અનુભવ કરવા માટે જ બધા અનુકૂળ સંજોગો મળ્યા છે. આ પાંચ ઈન્દ્રિયો, આ ઊંડી સમજ, આવું સુંદર મન, આ બધું શા માટે મળ્યુ છે ? વિષયો માટે નહિ, વૃત્તિઓ માટે નહિ, ઇન્દ્રિયોના પોષણ માટે પણ નહિ; એ કામ તો ઢોરો, જાનવરો અને પશુઓએ અને ઘણા લોકોએ કર્યું છે. એમાં કાંઈ નવાઈ નથી. એ વસ્તુ કરતાં હવે ઉપર જઈને ચૈતન્યની એકતાનો અનુભવ કરવાનો છે. આ અનુભવ આ ભૂમિકામાં જેમ જેમ ઉપર ચઢતા જઇએ છીએ તેમ તેમ થાય.

દુનિયામાં સર્વ દિશાઓમાં તારાઓ, નક્ષત્રો, ગ્રહો દેખાય છે પણ ભાગ્યવાન એવી પૂર્વ દિશા છે જે સૂર્યને જન્મ આપે છે. એમ ઘણી માતાઓ ઘણા બાળકોને જન્મ આપે છે પણ એવી કો'ક જ માતા હોય છે જે આ જન્મમાં જ પ્રકાશના સાન્નિધ્યની અનુભૂતિ કરી શકે એવા બાળકને જન્મ આપે છે. અને એવા પ્રકાશના સાન્નિધ્યની અનુભૂતિ કરવી એ જ આપણું ધ્યેય છે.

●

પૂ. ગુરુદેવનાં પ્રવચનોનો લાભ કોણે નથી લીધો ? જેણે એકવાર લીધો તે વારંવાર લેવા કેમ ન ઇચ્છે ?

જેમ વેદાન્ત સત્સંગ મંડળ ભેદભાવ વિના સંતોને સન્માને છે તેમ પૂ. ગુરુદેવ પણ જૈન કે જૈનેતરનો ભેદભાવ વિના ચૈતન્ય માત્રને પોતાના જ્ઞાનામૃતનો લાભ આપે છે. શ્રી હરિભાઇ ડ્રેસવાલાએ શ્રી વેદાન્ત સત્સંગ મંડળ તરફથી પૂ. ગુરુદેવને વિનંતી કરી અને સોમવાર તા. ૮-૨-૭૧થી રવિવાર તા. ૧૫-૨-૭૧ સુધી "જ્ઞાન અને ધ્યાન" ઉપર હિંદીમાં ભારતીય વિદ્યા ભવનના ગીતા હોલમાં પ્રવચન ગોઠવાયાં. પ્રવચનનો લાભ બહુજને લીધો અને ધ્યાન ઉપર પૂ. ગુરુદેવે નવો જ પ્રકાશ પાડયો.


## "દિવ્ય દીપ"ની માલિકી અને તેને અંગેની અન્ય માહિતી
## (ફોર્મ IV નિયમ ૮ મુજબ)

૧. પ્રકાશનનું સ્થળ : ડીવાઇન નૉલેજ સોસાયટી, (દિવ્યજ્ઞાન સંઘ) "ક્વીન્સ વ્યૂ" ૨૮/૩૦ વાલકેશ્વર, મુંબઇ ૬.

૨. પ્રકાશનની સામયિકતા : માસિક

૩. પ્રકાશક અને સંપાદકનું નામ : ચંદુલાલ ટી. શાહ
સહ ,, ,, કુ. વત્સલા અમીન
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર જણાવ્યા મુજબ

૪. મુદ્રકનું સરનામું : લિપિની પ્રિન્ટરી,
રાષ્ટ્રીયતા : ભારતીય

૫. મુદ્રણનું સ્થળ : ૩૮૦, ગીરગામ રોડ, મુંબઇ ૨.

૬. માલિકનું નામ : ડીવાઈન નૉલેજ સોસાયટી,
સરનામું : "ક્વીન્સ વ્યૂ."
૨૮/૩૦ વાલકેશ્વર, મુંબઈ ૬.

અમો શ્રી ચંદુલાલ ટી. શાહ તથા કુ. વત્સલા અમીન આથી જાહેર કરીએ છીએ કે ઉપર જણાવેલી વિગતો, અમારી જાણ અને માન્યતા મુજબ ખરી છે.

સહી : ચંદુલાલ ટી શાહ

તા. ૧-૪-૭૧ ,, વત્સલા અમીન

# ❋ મીઠાશ ક્યાં છે? ❋

આપણને જે સાધનો મળ્યાં છે તેનો ઉપયોગ વિકાસ માટે થાય છે કે વિનાશ માટે તે વિચારવાનું છે. આ જીવ નિગોદમાં હતો ત્યારે માત્ર એક જ —સ્પર્શ ઇન્દ્રિય હતી. આજ આપણને પાંચ પાંચ ઇન્દ્રિયો પ્રાપ્ત થઈ છે. સ્પર્શ, જિહ્વા, નાક, ચક્ષુ અને શ્રવણ—આ ઇન્દ્રિયો છે, સાધન છે. આ જ પંચેન્દ્રિયો પશુને પણ મળી છે. એ પણ સ્પર્શે છે, સ્વાદ કરે છે, સૂંઘે છે, જુએ છે અને સાંભળે છે. ત્યારે પશુમાં અને મનુષ્યમાં ફેર શો? ફેર એ કે પશુ માત્ર વિષયોની પ્રાપ્તિ પૂરતો જ આ સાધનનો ઉપયોગ કરે છે, વિષયોની પ્રાપ્તિમાં જ પશુ ઇન્દ્રિયોની સાર્થકતા માને છે, જ્યારે મનુષ્ય માત્ર આ ઇન્દ્રિયોના વિષયો મેળવવા માત્રથી સાધનોની સાર્થકતા નથી માનતો. એ તો આ જ સાધનોનો ઉપયોગ સાધ્ય તરફ પહોંચવા માટે કરે છે. એને વિષયો ઉપરાંત એક વિશિષ્ટ ધ્યેય છે જે વિષયોથી ઘણું જ શ્રેષ્ઠ અને ઇષ્ટ છે.

મનુષ્ય જે બુદ્ધિનો સ્વામી છે, એ બુદ્ધિથી એની સામે આવતા પ્રત્યેક પદાર્થનો એ વિવેક કરે છે આ વિવેક એ જીવનનું સંશોધન છે. પદાર્થોનો ઉપભોગ કર્યો એટલે વસ્તુનું હાર્દ મળી ગયું એમ ન માનો. વસ્તુનો ઉપયોગ એ જીવનનું સ્થૂલ સ્વરૂપ છે. વસ્તુનો વિવેક કરી એનુ હાર્દ પામવું એ સૂક્ષ્મ તત્ત્વ છે.

ધારો કે તમે કેરી ખાધી અને કહ્યું: "ઘણી જ મીઠી!" બસ, પતી ગયું. તમારી સાથે બેસીને ખાનાર પણ સૂર પુરાવશે "બહુ જ મીઠી" પણ એ મીઠાશ ક્યાં છે તેનું સંશોધન કોઈ કરે છે? તમને જ પૂછું. કહો: "મીઠાશ ક્યાં છે? જીભમાં છે કે કેરીમાં છે કે ખાનારમાં છે? એ મીઠાશનું મૂળ શોધવાનું છે. ઇન્દ્રિયોમાં છે કે વિષયમાં છે કે ભોકતામાં છે?"

રૂઢી પ્રમાણે તો ગમે તે ઉત્તર આપી શકાય પણ તત્ત્વજ્ઞાનના ઊંડાણથી આ વસ્તુનો વિચાર કરવાનો છે.

પહેલાં જીભ—ઇન્દ્રિય—લઇએ જીભમાં મીઠાશ છે? જો જીભમાં મીઠાશ હોત તો મડદાને પણ જીભ તો હોય છે જ પણ ત્યાં તો કંઈ મીઠાશનો અનુભવ નથી. ત્યારે લાગે છે કે મીઠાશનો અનુભવ કરનાર જીભ નહિ પણ કોઈ બીજું લાગે છે.

ઇન્દ્રિયો તો પુદ્ગલના કણનો સમૂહ છે. દેશ, પ્રદેશ, સ્કન્ધ એવા પુદ્ગલોનો સંગ્રહ એટલે ઇન્દ્રિયો. આ જડમાં રસાસ્વાદ કરવાની મૌલિક શક્તિ ક્યાંથી સંભવે? મડદાને ઉકરડામાં મૂકો કે ફૂલોની શય્યામાં પધરાવો એને કંઈ ફેર લાગવાનો છે? ખરબચડા લાકડામાં ગોઠવો કે સુંવાળી લીસી જગ્યા પર મૂકો એને કંઇ અનુભવ થવાનો છે? કારણ કે ઇન્દ્રિયો હોવા છતાં અનુભવ કરનાર નથી.

ત્યારે આ ભાઇ કહે છે: "કેમ ભૂલો છો? મીઠાશ તો કેરીમાં છે." વાહ, કેવી સમજણ! મીઠાશ કેરીમાં જ છે? તો તો ઉત્તર મળી ગયો. પણ કોઈ રસપૂરી ખાતો હોય અને ફોન આવે કે ઓફિસમાં સરકારી રેડ પડી છે, પોલિસે તપાસ ચાલુ કરી છે અગર તાર આવે કે ફરવા ગયેલા તમારા કુટુંબને મોટર અકસ્માત નડયો છે તો ય ખાનારને રસપૂરીમાં રસ પડે એમ ને? વસ્તુની મીઠાશ ચાલુ જ રહે ને? કેમ એક ક્ષણ પહેલાં જેમાં રસ ઊડતો હતો તેમાંથી રસ ઊડી ગયો? રસ ત્યાં જ છે પણ ખાનારને રસ નથી. રસમાં રસ નથી. આ સિવાય એક જ કેરી એકને ભાવે છે બીજાને નથી ભાવતી. એક આનન્દથી ખાય છે, બીજાને એની વાસ પણ નથી ગમતી. એમાં મધુરતા હોત તો બન્નેને ગમત પણ એકને મીઠું લાગે છે તો બીજાને અદીઠું લાગે છે એ પરથી પણ એમ લાગે છે ને કે વસ્તુમાં મીઠાશ નથી.

તો શું કેરીનો ઉપયોગ કરનાર ભોકતા છે તેમાં મીઠાશ છે? તો તો મોક્ષમાં ગયેલા સિદ્ધના જીવો આ કેરીઓની મીઠાશને મીઠાશ માની એમાં જ મગ્ન રહેત.

મીઠાશ ઈન્દ્રિયોમાં નથી, વિષયોમાં નથી, ભોકતામાં નથી પણ મીઠાશ છે માન્યતામાં. જેણે જેણે માની લીધું કે આમાં મીઠાશ છે તેને તેમાં મીઠાશ લાગે જ. આ માન્યતાએ ઘર ઘાલ્યું છે. જ્યાં જ્યાં એણે સુખની માન્યતા માની ત્યાં ત્યાં એ દોડયો છે, હેરાન થયો છે, ભૂખ્યો રહ્યો છે, માર ખાધો છે. છતાં માન્યતાના કારણે આટલું કરવા છતાં એ હસતો રહ્યો છે અને હજુ થાકયો નથી.

ચિત્રભાનુ

Service which has not the slightest touch of self in it is itself the highest religion.

**Mahatma Gandhi**


*With Best Compliments from*

## M. Best Cotton Rope Mfg. Co.

*Prop.* **M. J. Thanawala & Co.**

*Manufacturers of* : **Cotton, Nylon & Synthetic Ropes for Defence & Civil Use, Nylon & Terreylene Tapes, Webbings & Safety Belts, Mountaineering Ropes, all types of Braided Cords, Twines, Tapes, Fiber Glass Tapes, Cords, Sleewing etc.**

●

*Factory* : Jugal Baug,
Shastri Marg,
Thana, C. Rly.

●

*Office* : 47/49, Forbes St.,
Fort, Bombay-1.

●

*Telegrams* : Ropemart, Bombay
*Telephones* :
*Office* : 31 13 04
*Works* : 59 22 04

## KAMANI METALS & ALLOYS LTD.

●

Kamani Chambers,
Nicol Road,
Ballard Estate,
BOMBAY-1.

( ન્યૂઈરા સ્કૂલના વિદ્યાર્થીઓ સમક્ષ પૂ. ગુરુદેવ ચિત્રભાનુશ્રીએ આપેલ પ્રવચનમાંથી ઉતારેલ સુવાક્યો. )

તમે એવાં સુંદર પાત્ર છો કે હું જે કહીશ તે તમારા મનમાં ઊગી ઊઠશે. કદાચ તમારા વડીલો સાંભળે તો મનમાં માને કે અમે તો બધું જાણીએ છીએ, આ તો અમને ખબર જ છે, આમાં નવું શું છે? હવે આ ઉંમરે કંઈ ફેરફાર ન થાય. બસ, સાંભળે ખરા પણ અમલમાં ન મૂકે. જે કરતા હોય તે જ કરે. પણ તમે તો સાંભળીને અમલમાં મૂકવાના અને આવતી કાલમાં સર્જન કરવાના.

એકવાર શ્રી કનૈયાલાલ મુન્શીના અધ્યક્ષપણે મારું પ્રવચન ગોઠવાયું. શ્રી મુન્શીએ ઊભા થઈને કહ્યું : "અમે કેવા? તાડીના ઘડા જેવા. હજાર વાર ધોઈ નાખો તો પણ એમાં તાડીની વાસ રહેવાની. અમારા મગજમાં એટલા બધા કદાગ્રહો Prejudices પડયા છે કે તમારો ઉપદેશ નહિ ઉતરે. તમે નવી અને તાજી વસ્તુ આપશો તો એને પણ અમારા તાડીના ઘડા જેવાં મગજ પોતાની વાસ જ smell જ આપવાના."

વિદ્યાર્થીઓને ઉદ્દેશીને શ્રી મુન્શીએ કહ્યું : "પણ, તમે કોરા ઘડા જેવા છો. બધું જ absorb કરી શકો–તમારા મનમાં કદાગ્રહ હજુ ન બંધાયા હોવાથી તમે તાજા છો, તમારાં મગજ mould થયાં નથી એટલે તમારા મગજને આ પ્રેરણાદાયી ઉપદેશ ખૂબ કામ લાગશે."

જે દિવસે માણસ કહે કે હું જાણું છું તે દિવસથી એનામાં ઘડપણ આવી જાય છે, તનનું નહિ પણ મનનું. પણ જ્યાં સુધી સાંભળું એવી ભાવના રહેવાની ત્યાં સુધી એ યુવાન રહેવાનો.

'હું જાણું છું' એ અજ્ઞાન બતાવે છે, 'હું નથી જાણતો' એ વધુ જ્ઞાન મેળવવા માટેના દ્વાર ખુલ્લાં કરે છે.

તમે મનનાં દ્વાર ખુલ્લા રાખો. નવી વાત આવે તો આતુરતાથી સાંભળો, પ્રત્યેક પળમાં તમારા જીવનના ભંડારમાં કંઈક ઉમેરો કરો.

તમારા માટે આજનો યુગ અદ્દભુત છે. આજે ઈજારાશાહી monopoly તૂટતી જાય છે. જેટલી એ monopoly તૂટતી જાય એટલો માણસ આગળ વધતો જાય. Monopolyથી વિકાસ રૂંધાય છે, સ્વતંત્ર વિચારણા અને જાગૃતિથી માનવી પૂર્ણતાએ પહોંચે છે.

આજે આપણા દેશમાં કયાંય colossal personality વિરાટ પ્રતિભા દેખાતી નથી. વામણા માનવીઓથી કામ ચલાવી લેવું પડે છે. માટે જ તમારી પાસે આશા રાખું છું કે દેશમાં નેતૃત્વ માટે જે ખાડો પડયો છે એ ખાડો પૂરવાનું કામ તમે કરશો. તમે સાંભળીને વિચારજો અને એમાંથી નવું સર્જન કરજો. નવો વિચાર સદા સત્કારજો અને જૂનું એટલું સોનું માનીનેરૂઢીઓને વળગી ન રહેશો. પણ વિવેકનો ઉપયોગ કરજો. તો જ તમારું વ્યકિતત્વ વિકસાવી શકશો. તમારા અંદરના તત્ત્વને પૂર્ણકળાએ ખીલવો એ જ શુભેચ્છા.

## ચિંતન કણિકા

મનુષ્યનાં વચનો, વ્યાખ્યાનો કે વિદ્વતા જેટલી અસર નથી કરી શકતાં તેટલી અસર તેનું સ્વચ્છ, નિર્મળ હૃદય કરે છે. માટે રખે તમે હૃદયને ભૂલી જતાં. હૃદય સાચું હશે તો તમારું મૌન પણ સામાને ગાળી નાંખશે.

* * *

તમારી નમ્રતા હૈયાની હશે, સ્વયંભૂ હશે, તો બીજાને જરૂર નમ્ર બનાવી શકશે.

* * *

આપણે પૂજા કોની કરીએ છીએ: મૂર્તિની કે તેના ગુણોની? આપણે તેના ગુણો પામીએ નહિ, તેનું રહસ્ય પારખી શકીએ નહિ તો તો પૂજા પણ શું કામની?

ચિત્રભાનુ

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઈન નોલેજ સોસાયટી ( દિવ્ય જ્ઞાન સંઘ ) માટે ક્વીન્સ વ્યુ. ૨૮/૩૦, વાલકેશ્વર મુંબઈ નં. ૬ માંથી પ્રગટ કર્યું છે.